॥ सनातन परमो धर्मः ॥

प्रचार प्रसार ✓ जागृत उज्जगर

श्री अखिल भारतीय रुरुड़ा पाटीदार समाज नुं मुखपत्र

सनातन धर्म पत्रिका

सोशीयल मिडीया

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

॥ सं. २०७७ ● वैशाख वद -३/४ ● ता. २९-५-२०२१ ● शनिवार SDP NO : 403 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ઉમા કોવિડ આઈસોલેસન સેન્ટર સુરત આજે પૂર્ણાહુતિ

શ્રી દક્ષિણ ગુજરાત.ક.ક.પા.સનાતન સમાજ ઝોન દ.ગુ.યુવાસંઘ રીજીયન અને ધંદરુ સમાજ

SUV international school મેનજમેંટ ટીમ અને સુરત સમાજ તથા સુરત યુવા મંડળ સહયોગ થકી ઝોન સમાજ દ્વારા માનવસેવા નું આપણાદિયન આરોગ્યનું કાર્ય

ઉમા કોવિડ આઈસોલેશન સેન્ટર સુરત

ઉમા સમાજવાડી ખાતે એક મહિના થી સર્વે ના સહયોગથી ચાલી રહ્યું છે જે હાલના સમય અને સંજોગો જોતા તા.૩૦/૫/૨૦૨૧ રવિવાર બપોર પછી ૪.૦૦ કલાકે પુર્ણાહુતી કરવા જઈ રહ્યા છીએ.

ત્યારે આ માનવસેવા ના યજ્ઞ ને તન, મન, ધનથી દિપાવવાનું કાર્ય કરવામાં જે નિમિત બન્યા છે એવા આપણા યુવા મિત્રો, મેડીકોજના ડોક્ટરશ્રી ઓ, નર્સીંગ સ્ટાફ, આપણી પ્રેસ મેડિકલમાં અભ્યાસ કરતી દિકરીઓ, સભી દાતાઓનો તેમજ અન્ય જે પણ આ સમયે સહાયરૂપ થયા છે તેમને ચાર દરવાજા સાથે તેમનો ગર્વ સહિત કરી તેમની સેવા ની નોંધ લઈ પ્રોત્સાહિત કરવા નો કાર્યક્રમ સંકલ્પ સાર પાત્રરોપરુપ કુમ્ભ રાખવામાં આવેલ છે.....

વિનતી સહ દક્ષિણ ગુજરાત ઝોન સમાજ આમંત્રણ પાઠવે છે.

આ તમામે દક્ષિણ ગુજરાત ઝોન સમાજની આરોગ્ય નિધી પણ શ્રાતિ ભુંડુ મદદ અમલમાં મુકવામાં આવશે

જેના આપણે સહુ સાથી બનીએ તેમજ માનવસેવાના ઉમદા કાર્યની સમીક્ષા સાથે લેખા જોખા કરી તેમાં કોઈ ક્ષતિ થઈ હોય તો ભવિષ્યમાં ધ્યાન રાખી આવા સંકટ સમયે શાતિસંગઠના દિતાર્થે પડખે રહેવા ખભે ખંભા મીલાવીને આગળ વધી શકીયે.



મિત્રો આ માનવસેવાના કાર્યમાં સાથી દાતાઓનો ઉદાર ભાવે જે યોગદાન લખાવ્યું છે તે ધન્યવાદને પાત્રછે.

ઝોન સમાજ તેમનો પણ ગ્રત્ર સ્વીકાર કરી અર્ગાનિત્ર થાયે ધન્યવાદ પાઠવે છે અને વિનતી કરીયે છીએ કે જે તે યોગદાનની રકમ બાકી હોય તે બે દિવસ માં જે તે એરીયા ના ઝોનસમાજ હોદ્દેદારશ્રી ને પહોચાવી કરશોજી તેવી નમ્ર વિનંતી સહ.

કોવિડ સેન્ટરની પુર્ણાહુતી પ્રસંગે ઉપસ્થિત રહેવા હાર્દિક વિનંતી.

લી.

દક્ષિણ ગુજરાત ઝોન સમાજ વતી - પ્રમુખશ્રી બાલજીભાઈ પોકાર, કડોદરા - મહામંત્રીશ્રી રમેશભાઈ પારસિયા, માગોળ - સુરત

નોંધ:- સાંજે ભોજન પ્રસાદ ૭.૦૦ કલાકે સાથે લઈ ને વિદાય લેશું.

ઉમા ડીલેડ આઈસોલેસન બનેલ SUV એજ્યુકેશન ડેપ્રસાની સેવાભી ડર ક્રતા, મૂળજીભાઈ ભૂતડા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સુરત
શ્રી ઉમા કોવીડ આઈસોલેશન સેન્ટર, ઉધના (સુરત)

આ શબ્દોને અભિધ્યક્ત કરનાર હું મુલજીભાઈ પ્રેમજીભાઈ ભૂતડાના જય લક્ષ્મીનારાયણ..

હું પાપી છાવ... મારામાં આટલા મોટા સમાજ માટે અભિવ્યક્તિ લખવાની શક્તિ શ્રદ્ધાથી હોય, છતાં પણ મારા મનને સંતોષિત કરવાની કોશિષ કરું છું.

પ્રથમ તો આ જે 'ઉમા આઈસોલેશન સેન્ટર' ઉભો કરવાનો જેમનામાં વિચાર સ્ફુર્યો.. એમને હું ક્યાયી નમન... સરાહના કરુ છું. ભારતના પ્રધાનમંત્રી કે જેમને ૧૩૫ કરોડ નાગરીકોની જવાબદારી હોય, તેમોને પણ આવુ સારુ વીચાર આવી શકે.. એ ગર્વ અને ગૌરવ ની બાબત મળી... તે પણ મારા ભાગ્યની વાત છે!

અમારા ગામ નેત્રામાં સાત વર્ષ પહેલાં જયારે મનજીભાઇ (પટેલ) ની હોટલમાં ચા પીવા ગયો ત્યારે જાણ હતા. ત્યારની આ વાત છે. લક્ષ્મીનારાયણ ચોકમાં આઠ થી ૬૦ પટેલ વડીલો (ભાભાઓ) ભેગા થઇ સુતર સાથથી કાંતીને દોરૂં (વિઠરૂં) બનાવતા હતા. જેને જોઈ 'ભૂત' પણ ભાગી જતા હતા. વર્ષો પહેલ ગયુવાનો ન થનગણાટ જોઈ...હું તો રૂ? મારો 'રામ' પણ રાજીનો રેટ થઈ ગયો હતો !

અવી સંપ-સલાહ વડીલોની અમીદ્રિષ્ટિ હોય તો આપણે શી... શું નથી કરી શકતા ! એનો આ આબેહૂબ દાખલો છે. કોરોનાને થું કે લાવો આ કબ્રી પોટલો મેદાનમાં આવી પડ્યા છે.... એટલે જે અમેરો પાછલા દરવાજેથી ભાગવું પડ્યું છે...



મારા શબ્દોમાં ઝડુચી હોય તો માફ કરશો. અમોને તા. ૦૫-૦૫-૨૦૨૧ની સવારે આવવાનું આમંત્રણ મળ્યું જે મારે આનંદની વાત છે... આભાર છે.

'ઝડુચી' નો તારો દેખાય ત્યાં સુધી આવી એકતા... આવા બહુજન હીતાયે... બહુજન સુખાયેના કામ આપણે બધા ભેગા મળી પાર ઉતારીએ એવી પ્રાર્થના સાથે...

પૂ. બ્રહ્મલીન નારાયણભાપાની ભજનની એક કડી લખુંછું.

મલ્યો છે દેહ માનવનો.
જનતમાં ફુપ સાળી થાજે.
સુગંધી અત્યને દેવા...
તમે જાતે બળી જજો...
મલ્યો છે દેહ માનવનો.

લિ. મુલજીભાઈ પ્રેમજીભાઈ ભૂતડાના જયકશી કૃષ્ણ...

દંતાલીના સ્વામી સચ્ચિદાનંદજી દ્વારા પેટલાદ ખાતે ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલ ઓક્સિજન પ્લાન્ટ અને આરટીપીસીઆર લેબનું લોકાર્પણ

સંયોજક: મોહનભાઈ પોણી - પેટલાદ.

પેટલાદ સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને પુરતા પ્રમાણમાં ઓક્સીજન મળી રહે તે માટે સ્વામી સચ્ચિદાનંદ મહારાજે એક મિનિટમાં ૨૦૦ લીટર ઓક્સિજન તૈયાર કરે તેવું પ્લાન્ટ બનાવવા માટે ૩૫ લાખનું દાન જાહેર કર્યું હતું.

થોડાક જ દિવસોમાં તૈયાર થયેલાં પ્લાન્ટ તૈયાર થઈ ગઈ કરી દેવામાં આવ્યું હતું તેમજ તેની સાથેસાથે હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ થઈ શકે તે માટે આરટીપીસીઆર લેબ પણ તૈયાર કરવામાં આવી છે . જેનું ગત રોજ સવારે ૧૦:૩૦ કલાકે સ્વામી સચ્ચિદાનંદ મહારાજના હસ્તે લોકાર્પણ કરાયું હતા. આ પ્રસંગે કલેકટર આર. જી. ગોહીલ, ડી. ડી. ઓ. રાજીવ ગુપ્તા, સાંસદ મિનેશ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ, પૂર્વ મંત્રી સી. ડી. પટેલ, જીલ્લા પંચાયત કારોબારી કમિટીના ચેરમેન પ્રદિપભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ ઝલિત આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ તબીબો, પારિચારીકા બહેનો, કર્મચારીઓ અને સરકારીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા .

આજરોજ પેટલાદ ખાતે શ્રી સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ, દંતાલી ના સોજન્યથી ઓક્સિજન PSA પ્લાન્ટ તથા RTPCR Lab નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે પરમ પૂજ્ય સંત શ્રી સચ્ચિદાનંદ મહારાજ, આણંદ લોકસભા ના સાંસદ શ્રી મિનેષભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અને મંત્રી શ્રી સી. ડી પટેલ , કલેકટર શ્રી તથા જિલ્લા વિકાસ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પરમ પૂજ્ય સચ્ચિદાનંદ મહારાજ જી ના હસ્તે ડોક્ટરો નું સન્માન કરવામાં આવ્યું.

ફૂલડાં ની ફોરમ...

બીજુ દીકરી જન્મ આગમને લક્ષ્મમાં અને ખુશી પ્રગટ કરતા જેગ્ય ભાવાણી પરિવાર...

જન્મ:- ૨૮-૫-૨૦૨૧ . મંગળવાર
નામ :- હીર
મોટી બહેનઃ- સીયા
પિતાઃ- રાહુલ દયારામભાઈ
માતા :- વિદ્યી રાહુલ
દાદા :- દયારામ વાલજીભાઈ ભાવાણી
દાદી :- તુલસીબેન દયારામભાઈ
નાનાઃ- કાંતીભાઈ જીવરાજ બાવી ચીખલી. બિલ્રી
નાનીઃ- શારદાબેન કાંતીભાઈ ચૌધરી
પડ દાદી :- ગંગાસ્વ. ભાનુમતી વાલજીભાઈ... સુરત, (નેત્રા-કચ્છ)

અમારા પરિવારમાં એક દીકરીનો થયો ઉમેરો...
પ્રભુ એ અમારા આંગણે બીજી દીકરી હીરનું આગમન અમારા પર પ્રભુનો અપાર વિશ્વાસ...
(તુલસી દાદી, સુરત)

પ્રકૃતિ ની આસપાસ શક્તિવર્ધક ગુંદા પણ વાવી શકાય.

આજથી જ ગુંદા ખાવાનું શરૂ કરીદો.

કારણ કે, ગુંદામાં વધારાનાં ઔષધીય ગુણો પણ રહેલા છે. ગુંદાના પાન, તેનાં ફૂલ,ફાટ કરેક ભાગનો ઉપયોગ કે ઔષધી બનાવવા માટે થાય છે. કફ, અલ્સમા, આમ્રીને લગતા રોગો, તાવ,ઝાડા, આંતરડા, કૃમિ હોવાં, યા રૂઝાવવો આ દરેક પ્રકારની તકલીફોની સારવારમાં ગુંદાનો ઉપયોગ ઔષધીયાગસ્ટ્રુપમાં કરવામાં આવેછે.

એસીડીટી, પેટમાં દુઃખાવો વગેરેમાં ગુંદાનો ઉપયોગ ફાયદો કરાવે છે. વાયા માટે પણ તે ફિતકારી છે. ગુંદાબાથી બનાવવામાં આવેલો કાઢો કફ તેમજ પાતળા ઝાડા દૂર કરવામાં મદદ કરેછે.

આદિવાસીઓ ગુંદા સુકવીને તેનું ચૂરણ બનાવે છે અને મેડો,પેસન અને થી ભેગું કરીને તેના લાડુ બનાવે છે. આવા લાડુને ખાવાથી શરીરને તાકાત અને સ્ફુર્તી મળે છે. શરીમાં તાકાત લાવવા માગતા હો તો ગુંદા ખાવાનું રાખ જો.

ગુંદાનો છાલમાં કપૂરનું મિશ્રણ તૈયાર કરી દાદર ઉપર, સુજી ગયેલા અંગો પર લગાડવામાં આવે, તો ફાયદો થાયછે.

અગર કોરોના થયો છે અથવા તો તેમાંથી સાજા થયા છો એ બંને પરિસ્થિતિમાં નબળાઈ આવવી એ તેની નાઝબરેક છે જ, આવા સમયે ગુંદા જેવા શક્તિવર્ધક ફળનો ઉપયોગ ચોકકસ ફાયદો કરાવશે અને નવી શક્તિનો તેમજ સ્ફુર્તીનો સંચાર કરશે.

ભગવાન લક્ષ્મીનારાયણની ઉપાસના શા માટે.?

સોજન્ય: તેજાભાઈ મનજીભાઈ ભાવાણી પાલનપુર (ગુજરાત) મો.:૯૪૨૬૧૫૩૨૧૯
સંયોજક : વીરજીભાઈ રામજીભાઈ ભાવાણી અમરવેલી (મહારાષ્ટ્ર).

કચ્છ કડવા પાટીદારો એ જે લક્ષ્મીનારાયણભાઈ પર વિશ્વાર્યો તેનો પાછળ ખુબજ સમજ રહેલીછે.

લગભગ મોટાભાગે ગામે ગામ લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરો બંધાયાં છે.

થોડા વિચાર કરીએ તો ભારતભરમાં લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરો નહિવત છે. અથવા બહુજ ઓછાં છે.

દિલ્હીમાં ખિરવા મંદિર પણ લક્ષ્મીનારાયણ ભગવાનનું મંદિર તરીકે જ છે. પરંતુ કલકત્તા અને મુંબઈ વિગેરે શહેરોમાં નહિવત છે, જ્યારે કચ્છમાં મોટાભાગે અંદાજે ૯૦ ગામોમાં લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોનું નિર્માણ થયેલ છે.

તેનો ઉદ્દેશ્ય શું?

મહાદેવ શિવ, શ્રીરામ અને શ્રીકૃષ્ણ ભગવાનના મંદિરો ભારતભરમાં છે. એટલુ જ નહી, આપણાં કુળદેવી ઉમિયા માતાનાં મંદિરોના મહદે લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની પ્રેરણા શેણે આપી?

સંત ઓપવરામજી મહારાજે પ્રેરણા આપી.

જે શ્રાતિના વડીલો સેંકડો વર્ષોથી અન્ય પીર પયગંબરની ઉપાસના કરતા હતા, આ જોઈને ઓપવરામજી મહારાજે આપણા વડીલોની લાગણી અને માગણી સમજી લઇ, એટલેજ જાણિ આપણી શ્રાતિ માટે શ્રદા દેવની ઉપાસના લીધી છોઈએ. તેથી તેઓએ વિદ્વાનો અને સંતો સાથે ખુબજ ગહન ચર્ચા-વિચારણા કરીને આપણી શ્રાતિ માટે લક્ષ્મીનારાયણ ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે. એટલું જ નહીં, એકલા નારાયણ નહિ..!! લક્ષ્મી સાથે નારાયણની ઉપાસના કરવાનો જે નિર્ધાર કર્યો એને શ્રાતિના સમસ્ત વડીલોએ પ્રેમથી સ્વિકાર કર્યો લીધો છોઈએ. અને ગામેગામ સતપંથ છોડીને સનાતન ધર્મમાં આવેલા ભાઈઓએ લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરો સંતશ્રી ઓપવરામજી મહારાજના સાંનિધ્યમાં બાંધવાની શરુઆત કરી અને ગામેગામ મંદિરોનાં નિર્માણ થયાં.

પ્રાચીન કાળમાં શાસ્ત્રો મુજબ વાત કરીએ તો સૃષ્ટિનું સર્જન કોણે કર્યું ? બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું અને બ્રહ્મર્ષિઓને તે લખવે ગુણવાર અને કર્માનુસાર ચાર વર્ણોની સ્થના કરી, (૧) બ્રાહ્મણ, (૨) ક્ષત્રિય, (૩) વૈશ્ય, (૪) શુદ્ર (એટલે હલકા નહિ) અને આ સાથે કર્મની પ્રેરણા આપી.

(૧) બ્રાહ્મણનું કર્મ શું?

સમાજમાં નૈતિકતા અને ધાર્મિકતા ટકાવવી અને વધારવાની, તે શ્રદ્ધા જ્ઞાન લોવું જોઈએ. જ્ઞાનના દેવ કોણ ? શિવ ભગવાન, તેથી તેમના માટે શિવજીની ઉપાસના શ્રેષ્ઠ છે.

(૨) ક્ષત્રિયનું કર્મ શું?

તેઓએ જવાબદારી રક્ષા રાખવી, તેના માટે શક્તિ જોઈએ તો આ શક્તિ શ્રદ્ધાથી મળે? દેવીઓની પાસેથી, તેથી માં અંબા, માં આરાધૂરા વિગેરે દેવીઓની શક્તિરૂપે ઉપાસના શ્રેષ્ઠ છે.

(૩) વૈશ્યનું કર્મ શું?

તેઓએ ચારે વર્ણોની આજીવિકા વિગેરેની પૂર્તિ કરવાની, તેથી તેમને લક્ષ્મી જોઈએ. તે



નારાયણની સાથે લક્ષ્મી –લક્ષ્મી કોની પત્ની છે ? નારાયણની...

વહેલવારમાં પણ પતિ વગર પત્ની કેટલા દિવસ સુધી અલગ રહી શકે. પત્ની પિયર ગયેલી હોય તો કેટલા દિવસ રહી શકે, પંદર દિવસ કે મહિનો પછી પતિ પાસે આવવું જ પડે.

(૪) શુદ્રનું કર્મ શું?

તેઓ હલકા નથી પણ વૈશ્યને સાધનો જોઈએ, તો તેમના માટે સાધનોની પૂર્તિ કરવી. ટાટા, બિરલા તેમજ અન્ય ઈન્ડસ્ટ્રીયલ લોકો માટે સાધનો પૂરાં પાડવાં વિગેરે..

◆ આપણા શરીરમાં ચાર ભાગ કલ્પ કલ્પાયા છે?

મસ્તિષ્ક (બ્રાહ્મણ),
હાથ (ક્ષત્રિય),
પેટ (વૈશ્ય),
પગ (શુદ્ર) (એટલે હલકા નહિ)

◆ તેથી આપણા વડીલોએ ભગવાન લક્ષ્મીનારાયણની ઉપાસના કરવાનું નક્કી કરેલ છે.તે પુજ્ય સમજીને કરેલ હોય તેમ લાગે છે.

◆ આધ્યાત્મિક તરીકે વિચારીએ તો જીવમાત્રમાં શક્તિ કોની?

–નારાયણ ભગવાનની...

સંકેત મૂળ, લાલ ગાજર, લીલી શાકભાજી વિગેરે વિવિધ પ્રકારના રંગનું ભોજન ગ્રહણ કરીએ છીએ. છતાં જીવમાત્રનું લાલ રંગનું લોહી-રક્ત કોણ બનાવે છે. - ભગવાન નારાયણ.

વિશ્વમાં ન કલ્પી શકાય તેટલી વૈજ્ઞાનિકોએ શોખખોળ યાંત્રિક રીત કેલ છે, પરંતુ ભગવાન એક લોહી કે કલ્ટરી બનાવી છે, કે જે લાલ લોહી-રક્ત બનાવી શકે છે.....

ચલા.. વિશ્વમાં લોહી-રક્ત સંગ્રહ કરવા માટે બ્લડ-બેંક (રક્ત-પેઢી)-ની વ્યવસ્થા જરૂર છે. ....આ શક્તિ નારાયણ ભગવાનની છે તેથી જ્યારે આપણે શરીર છોડીશું ત્યારે મુખ પામીએ છીએ ત્યારે તે અંતકાળ નથી પરંતુ પ્રયાણકાળ છે. ગીતામાં જણવાયું કહ્યું છે; 'પ્રયાણકાળ મનસા' પ્રયાણકાળે એટલે ખોળિયું બદલાવવા ભગવાન પાસે જવું અને જેવુંજેવું ખોળિયું મળે તે લઈને પાછા આવવું.

બીજો અંતકાળ છે, જેને આપણે મોક્ષ કહીએ છીએ. આમ તો વિશ્વમાં દરેક વ્યક્તિ પોતાનો તમામ કારભાર અને વહેવાર ભુલે છે ત્યારે જ ઊંઘ આવે છે. તે નાનું મૃત્યુ છે. અને સવારમાં જાગ્યા પછી બધું જ યાદ આવે છે. આ વિષય બહુજ લાંબો છે. અહીં સંક્ષિપ્તમાં લખેલ છે.

અંતમાં ભગવાન લક્ષ્મીનારાયણની સ્મૃતિનું સ્મરણ રહે તેવી સદ્ભુદ્ધિ ભગવાન લક્ષ્મીનારાયણ અને માં ઉમિયાજી અર્પે, એવી અંતઃકરણની પ્રાર્થના.

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. અશ્વિનભાઈ હિંમતલાલ વાલાણી
ઉમર વર્ષ ૩૧
જન્મ તારીખ: ૨૨-૦૨-૧૯૯૦
મરણ તારીખ : ૨૫-૦૫-૨૦૨૧
હાલે બેંગલોર
કચ્છ ગામ નખત્રાણા, જુના વાસ

એક ઊગતો સિતારો સમયથી પહેલાં બુઝાઈ ગયો, પરિવારની નાવને હાકનારો અચાનક નાવને મઝધાર મુકીને અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો. અત્યારે કુદરતની લીલાને કલ્પવી મુશ્કેલ છે. પીળા પાનનાં બનેલ લીલી ફુલળ ઝાલી લાગે છે. કમળુરુની લીલા દેખાઈ રહી છે. ઈશ્વર ઈચ્છા આગળ આપણે પામર માનવી લાચાર છીએ, તો પરમ કૃપાળુ પરમાત્મા એ દિવ્ય આત્માને પોતાના શ્રી ચરણોમાં સ્થાન આપે તથા સદગતિ એવમ શાંતી પ્રદાન કરે એવી અમો

સૌ પરિવારજનો પરમાત્માના શ્રી ચરણોમાં વંદન સાથે કરબદ્ધ પ્રાર્થના.....

પત્ની	સ્વ. સ્વ. ભાવિકાબેન વાલાણી
પુત્રી	શિતિક્ષા અશ્વિન વાલાણી
પિતા	હિમ્મતલાલ રતનશી વાલાણી
માતા	કસ્તુરબેન હિમ્મતલાલ વાલાણી
દાદા	સ્વ. રતનશીભાઈ વાલાણી
દાદી	સ્વ.સ્વ. પ્રેમીબાબેન રતનશી વાલાણી
બહેન-બનેવી	તરૂણાબેન જીતેન્દ્રકુમાર પોકાર વેશાલીબેન મેઘુલભાઈ ટીવાણી
ભત્રેજા	પાયલકુમાર, જાનવી જીતેન્દ્ર પોકાર શુભ મેઘુલભાઈ ટીવાણી
કાકા	રસિકલાલ રતનશી વાલાણી
કાકી	રમીલાબેન રસિકલાલ વાલાણી
કાકાઈ બહેનો	અલ્પેશ રસિકલાલ હિરેનકુમાર રસિકલાલ ભાવિક રસિકલાલ
	પત્નિઃ સુચિકાબેન અલ્પેશ પત્નિઃ જીગ્નાબેન હિરેન

Farm :- Gayathri Electricals,
Rajajinagar Shivanahalli, Bangalore.
Samaj :- Mysore Road Bangalore DKT રીજીયન, Yuvasamgh.
કચ્છમાં :- નખત્રાણા, જુનાવાસ મધ્ય વિભાગ.
વાલાણી પરિવાર....
હિમતભાઈ Call.9448478217

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૨૭/૫/૨૦૨૧ ગુરૂવાર

સ્વ. શંકરભાઈ વાલજીભાઈ સેંચાણી
ઉમર : ૧૩ વર્ષ,
કચ્છમાં ગામ : રસલીયા
હાલે : બોલીમોરા
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. ગીતાબેન ભરતભાઈ સોમતણપાણી (નાકરાણી)
ઉમર : ૪૪ વર્ષ,
કચ્છમાં ગામ : વિરાણી (મોટી)
હાલે : વિસામાપટ્ટનમ
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. ઉદયભાઈ નરશીભાઈ માકાણી
ઉમર : ૨૦ વર્ષ,
કચ્છમાં ગામ : કોટડા (ચકરા)(સ્થાનિક)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. મહેન્દ્રભાઈ ગ્રાણાભાઈ લીંબાણી
ઉમર : ૧૦ વર્ષ,
કચ્છમાં ગામ : દેવીસર
હાલે : જબલપુર
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. દયારામભાઈ નારણભાઈ પારસીયા
ઉમર : ૭૦ વર્ષ,
કચ્છમાં ગામ : દયાપર (સ્થાનિક)

તારીખ : ૨૮/૫/૨૦૨૧ શુક્રવાર

સ્વ. રતનશીભાઈ વાલજીભાઈ ચોપડા
ઉમર : ૭૨ વર્ષ,
કચ્છમાં ગામ : કબ્રાપર
હાલે : દહેગામ (ગાંધીનગર)

સ્વ. નરશીભાઈ પ્રેમજીભાઈ માકાણી
ઉમર : ૬૫ વર્ષ,
કચ્છમાં ગામ : કોટડા (ચકરા)(સ્થાનિક)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. બાબુભાઈ હરજીભાઈ રવાણી
ઉમર : ૭૧ વર્ષ,
કચ્છમાં ગામ : ખાંભડી
હાલે ગામ : દેવનહલ્લી (બેંગલોર)

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચારપ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ॐ શાંતિ શાંતિ શાંતિ

LET'S FALL IN LOVE WITH YSK
Let's Join Hands To Raise From 40000 To 51000
Click On - http://newysk.appspot.com

www.jeevansparsh.com
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.). Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
JEEVAN SPARSH
सही समाह हर घर...

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC — Qualifying & Life Member MDRT